# ગુજરાત સરકાર

| હાઇકોર્ટ મેટર |
| --- |
| તાત્કાલીક/ઈમેઇલ |

**ક્રમાંક:** વિ.૨/ડી.એસ.એમ/૧૩૨૦૧૬/હા.કો.૦૨(પા.ફા)

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

**તારીખ:** ૨૧/૧૨/૨૦૧૮.

**FAX No. 079-232-52075.**
**Email: us-lno1-home@gujarat.gov.in**

**પ્રતિ,**

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.
- સર્વે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ.
- સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ.

**વિષય:** સ્કાય લેન્ટર્ન અને ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી પર પ્રતિબંધ મુકવા બાબત.

**શ્રીમાન,**

ઉપર્યુક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે શ્રી જીવણભાઇ રેવાભાઇ રબારી દ્વારા રીટ પીટીશન (પી.આઇ.એલ.) નં.૨૦/૨૦૧૫ થી "સ્કાય લેન્ટર્ન"(ચાઇનીઝ તુક્કલ) તેમજ ચાઇનીઝ માંઝા/ પ્લાસ્ટીક દોરીના ઉપયોગથી પશુ પંખી તેમજ પર્યાવરણને થતા નુકશાન, આગજની કે તેવી અન્ય કોઇ દુર્ઘટના ન બને તે બાબતને લક્ષમાં લેતા સી.આર.પી.સી.કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાઓ અન્વયે ચાઇનીઝ માંઝા/ પ્લાસ્ટીક દોરીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા માટે દાદ માંગવામાં આવેલ. જે સંદર્ભે નામ. ગુજરાત હાઇકોર્ટના તા.૨૨/૧૨/૨૦૧૫ના હુકમ તથા નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષની અન્ય રીટ પીટીશન (પી.આઇ.એલ.) નં.૨૫૩/૨૦૧૬માં નામ.ગુજરાત હાઇકોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ના હુકમથી ચાઇનીઝ માંઝા/નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકેલ છે.

વધુમાં નેશનલ ગ્રીન ટીબ્યુનલ, નવી દિલ્હી સમક્ષની ઓરીજીનલ એપ્લીકેશન નં.૩૮૪/૨૦૧૬ તથા ૪૪૨/૨૦૧૬, ખાલીદ અશરફ વિરુધ્ધ યુનિયન ઓફ ઇન્ડીયા અને અન્યોના કેસમાં તા.૧૧/૦૭/૨૦૧૬ના હુકમથી આપેલ ડાયરેકશન અન્વયે પતંગ ચગાવવાના નાયલોન અથવા અન્ય સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/ચાઇનીઝ માંઝા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે તથા આ પ્રતિબંધનો ભંગ કરનાર વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ છે.

આથી નામ. ગુજરાત હાઇકોર્ટના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના હુકમ અન્વયે સી.આર.પી.સી.કલમ-૧૪૪ હેઠળ જાહેરનામાં બહાર પાડવા તથા તેનો ચુસ્તપણે અમલ થાય તે અંગે જરૂરી

તકેદારી રાખવા આપને જણાવવામાં આવે છે. આપના દ્રારા કરવામાં આવેલ કાર્યવાહીથી ગૃહ વિભાગને તુર્તજ વાકેફ કરવા તેમજ આ સાથે સામેલ પત્રક અનુસાર એકશન ટેકન રીપોર્ટ મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(પંકજ દવે)

ઉપસચિવ(કા.વ્ય)

ગૃહ વિભાગ

**નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ :**

- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષણ અધિકારીશ્રી, અરણ્ય ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.